નવી ઔદ્યોગિક નીતિ-૨૦૦૦-
સામુહિક પ્રદુષણ નિયંત્રણ અને
નિવારણ યોજના.

ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
સુધારા ક્રમાંકઃ સીઇટી/૧૦૨૦૦૦/૪૨૧૬(૧)/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭/૨/૨૦૦૫.

વંચાણે લીધાઃ-

૧. ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃબજટ-૧૦૯૯-૩૪૮/ગ, તા.૩-૨-૨૦૦૦.
૨. ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃસીઇટી-૧૦-૨૦૦૦-૪૨૧૬/ગ, તા.૨૨-૭-૨૦૦૪.
૩. ઉધોગ કમિશ્નર કચેરીનો પત્ર ક્રમાંકઃઉક/ઇન્ફ્રા/૨૯૦૮, તા.૧૨-૧૦-૨૦૦૪.
૪. ઉધોગ કમિશ્નર કચેરીનો પત્ર ક્રમાંકઃઉક/ઇન્ફ્રા/ફા.નં.૩૭૩/૩૩૩૦, તા.૫-૧૧-૨૦૦૪.

## સુ ધા રોઃ-

સામુહિક પ્રદુષણ નિયંત્રણ અને નિવારણ યોજના અંગેના ક્રમાંકઃ૧ માં દર્શાવેલ ઠરાવના સ્થાને ટેકનોલોજી અપગ્રેડેશન અને ઉધોગોના વિસ્તરણની જરુરીયાત ધ્યાને લઇ ક્રમાંકઃ૨ સામે દર્શાવેલ સંકલિત ઠરાવ બહાર પાડેલ હતો. ઉધોગ કમિશ્નર કચેરીના ક્રમાંકઃ૩ અને ૪ સામે ઉલ્લેખિત પત્રોથી મળેલ દરખાસ્ત અંગે વિચારણા કર્યા બાદ નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવેલ છે.

(૧) તા. ૨૨-૭-૨૦૦૪ના ઠરાવના પ્રાસ્તવિકના અંતે પૃ. ૩ ઉપર " આ ઠરાવથી અગાઉના ઠરાવો અન્વયે .. .. .. .. .. .. હવે પછીની અસરથી તે ઠરાવો રદ કરવામાં આવે છે. " તે વાક્ય પુરું થયા પછી " અલબત્ત, અગાઉના તા. ૩-૨-૨૦૦૦ના ઠરાવ અનુસાર સહાય માટે મળેલ અરજીઓ જે અનિર્ણિત રહેવા પામેલ છે તે અરજીઓ અગાઉના ઠરાવ પ્રમાણે સહાયપાત્ર બનશે.

(૨) ઠરાવના પેરા (૪) પાત્ર મુડી રોકાણઃ- " એન્જીનીયરીંગ " શબ્દ રદ ગણવો.

(૩) ઠરાવના પેરા (૧૧.૦) "ચૂકવણી" મુજબ હાલ એકમને પ્રોજેકટ પૂર્ણ થયેથી પાત્ર સહાયના ૮૦% અને આઇ.એસ.ઓ. ૧૪૦૦૧ મેળવ્યા બાદ ૨૦ ટકાની ચૂકવણી માટે જે જોગવાઇ છે તેને સ્થાને પ્રોજેકટ પૂર્ણ થતાં સુધીમાં, પાત્ર સહાય જે તે પ્રોજેકટની પ્રગતિ અને સહાયપાત્ર ખર્ચને ધ્યાને લઇને ત્રણ હપ્તામાં કુલ મળવાપાત્ર સહાયના ૯૫% સુધી ચૂકવવામાં

આવશે અને બાકીની ૫ ટકા રકમ પ્રોજેકટ પૂર્ણ થયેથી આઈએસઓ-૧૪૦૦૧ પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ ચૂકવવામાં આવશે તેમ વાંચવું.

ઉપર મુજબનો સુધારો આ વિભાગની ફાઈલ ક્રમાંકઃસીઈટી-૧૦-૨૦૦૦-૪૨૧૬/ગ ઉપર નાણા વિભાગની તા. ૫-૨-૨૦૦૫ની મંજુરી અનુસાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કુ.વી.બી.રાવલ)
સેકશન અધિકારી,
ઉધોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

૧. મા.રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજય, રાજભવન, ગાંધીનગર.
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.રા.ક.મંત્રીશ્રી(ઉધોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
૫. ઉધોગ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર.
૬. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, ઉધોગ ભવન, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
૯. એ.જી.અમદાવાદ/રાજકોટ.
૧૦. નાણાકીય સલાહકારશ્રી,(ઉધોગ) નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
૧૧. સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પર્યાવરણ ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
૧૨. અગ્ર મુખ્ય ઔધોગિક સલાહકારશ્રી,/મુખ્ય ઔધોગિક સલાહકારશ્રી, ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
૧૩. તાંત્રિક સલાહકારશ્રી(રસાયણ) ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન,ગાંધીનગર.
૧૪.સર્વે કલેકટરશ્રીઓ(ગુજરાત રાજય)
૧૫. સર્વે જનરલ મેનેજરશ્રી,જીલ્લા ઉધોગ કેન્દ્ર.
૧૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અમદાવાદ, વડોદરા, રાજકોટ,સુરત અને ભાવનગર, જામનગર, જુનાગઢ.
૧૭. સર્વે નગરપાલિકાઓ.
૧૮. સચિવાલયના સર્વે વિભાગો.
૧૯. પસંદગી ફાઇલ.
૨૦. અંગત ફાઇલ.

ટી.૧૯૨૨૦૦૫.